ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૯-૦૩-૨૦૨૪**

- **શેરડી પિલાણ સિઝન 2023-24ના શેરડીના આખરી ભાવ ખેડુતોની સ્થિતિ ધ્યાનમા રાખી બહાર પાડવામા આવે..**

સમગ્ર સુરત જિલ્લામાં અને દક્ષિણ ગુજરાતની સહકારી સુગર મિલો દ્વારા શેરડીના પિલાણ સિઝન વર્ષ 2023-24ના ભાવ બહાર પાડતા પહેલા તમામ સુગર ફેક્ટરીના સંચાલકો ખેદુતોની વર્તમાન સ્થિતિ ઉપર અભ્યાસ કરે.

સુગર ફેક્ટરીઓને પ્રતિ એક ટને શેરડીમાંથી અંદાજિત કિંમતની આવક થાય છે. પ્રતિટન શેરડીમાંથી નીચે મુજબની આવકના આંકડા.

| | | |
|---|---|---|
| 1. 100 કિલો ખાંડ (સ્ટોક વેલ્યુ 1-4-2023) | રૂ. | 3200 |
| 2. મોલાસીસ | રૂ | 600 |
| 3. બગાસ | રૂ | 220 |
| 4. પ્રસમડ | રૂ | 2 |
| 5. ઈથેનોલ | રૂ | 160 |
| 6. અન્ય આવક | રૂ | 50 |
| 7. સ્ટોક ભાવ વધારો ખાંડનો | રૂ | 480 |
| 8. બળેલી શેરડી | રૂ | 30 |
| 9. રિકવરી (10.10) | રૂ | 360 |

આમ અંદાજિત પ્રતિ ટન શેરડીની આવક રૂપિયા 5102 જેટલી કેટલીક સુગરોને આવક થવાના આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. પરંતુ દરેક સુગર ફેક્ટરીની રિકવરી અલગ અલગ હોય. જેથી રિકવરીના આંકડા દરેક ખેડૂતે પોતાની સુગરમાં મેળવીને અંદાજ માંડવામાં આવશે.

કાપણી ખર્ચ પ્રતિ ટનની મજૂરી 396 રૂપિયા, મુકદ્દમ કમિશન 80 રૂપિયા 220 રૂપિયા વાહન ભાડુ મળી કુલ 696 જેટલો ખર્ચ થાય છે.અને ફેક્ટરી સાઈડે 704 જેટલો મળી કુલ 1400 રૂપિયા પ્રતિટને અંદાજિત થવાના આંકડા પ્રાપ્ત થયા છે.

હાલમાં સમગ્ર દ.ગુજરાતના શેરડી પકવતા ખેડૂતોને પ્રતિ ટને ૪૫૦૦ રૂપિયાથી ઓછા ભાવ પરવડે તેમ નથી. આમ ખેતી ખર્ચ દવા, ખાતર, બિયારણ, મજૂરી, ડિઝલ, તેમજ વધતી જતી મોંઘવારી જેવા મુદ્દાને ધ્યાનમાં રાખીને સહકારી સુગર ફેક્ટરીના બોર્ડ ઓફ ડિરેક્ટરે ભાવ પાડવા જોઈએ.

ગુજરાત પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે સુમુલની આઈસ્ક્રીમના કામરેજ પારડી ખાતે ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે વ્યારા સુગર ચાલુ થવાથી ગોળના કોલાવાળાએ રોકડેથી 3000થી 3500 રૂપિયાના ભાવે પ્રતિ ટન શેરડી ખરીદી કરી હતી. પહેલા આદિવાસી ખેડૂત પાસે 1800થી 2000માં પડાવી લેતા હતાં. માનનીય ભાજપા પ્રમુખનો આદીવાસી પ્રેમ ક્યારથી જન્મ્યો ?

તેમને યાદ કરાવીએ કે આજે દ.ગુજરાતના શેરડી પકવતાં ખેડૂતોને શેરડીના પુરેપુરા નાણાં શેરડી કટિંગની પ્રક્રિયા પૂર્ણ થયા પછી 29 મહિના પછી આપવામાં આવે છે. જ્યારે પહેલાના સમયમાં શેરડીના આખરી ભાવની 80 ટકા રકમ બે હપ્તામાં જ ચૂકવી દેવામાં આવતી હતા. ઉપરાંત આજે એડવાન્સ પેમેન્ટ પેટેની રકમનુ ખેડુતો પાસેથી 12 ટકા વ્યાજ વસૂલવામાં આવે છે. આમ ભાજપા પ્રમુખ શેરડી પકવતા ખેડુતોને પડ્યા પર પાટુ મારવાનુ બંધ કરે,

હા બિલકુલ સાચુ ગોળના કોલા શેરડી કાપણી થાયને તરત જ પુરેપુરુ પેમેન્ટ ખેડૂતને ચૂકવી દે છે. જેથી કેટલાક દ.ગુજરાતમાં નાના ખેડૂતો શેરડી ગોળના કોલાવાળાને આપી દે છે. સુગર ફેક્ટરીના વહીવટકર્તાઓએ આ બાબતની ગમ્ભીર નોંધ લેવી જોઇએ, કારણ કે જો સુગર ફેક્ટરી ખેડુતોને પુરા ભાવ નહી આપે તો ખેડુત અન્ય વિકલ્પ પસંદ કરે છે, માટે સુગર ફેકટરીઓ યોગ્ય પરિવર્તન લાવી ખેડૂતોને બે હપ્તામાં 90 ટકા પેમેન્ટનુ ચુંકવણ કરે જેથી શેરડી પકવતાં ખેડૂતોનો સુગર ફેક્ટરી ઉપર ભરોસો વધે અને શેરડીનો પુરવઠો આપે.

બિનમંજૂરી શેરડીનો વેપાર પણ બંધ થઈ શકે એમ છે. સમગ્ર ગુજરાતમાં ભાજપની સરકાર હોય. અને કેન્દ્રમાં પણ ભાજપની સરકાર હોય. ખાંડની એમએસસી 1 કિલોના 45 રૂપિયાની રજૂઆત કરવી જોઈએ. સમગ્ર દેશમાં ખાંડનું કુલ ઉત્પાદનમાંથી 85 ટકા ખાંડનો વપરાશ કોલ્ડડ્રીગ્સ, આઈસ્ક્રીમ, મીઠાઈ, ચોકલેટ જેવામાં થાય છે. ઘરેલુ વપરાશ 15 ટકા જેટલો જ છે. જેથી શેરડી પકવતાં ખેડૂતને પણ આજની મોંઘવારીમાં ખાંડની એમએસસી પ્રતિકિલોએ 45 રૂપિયા કરવામાં આવે તો આજના યુવાનો પણ ખેતીમાં જોડાઈ શકે એમ છે.

આમ સહકારી ક્ષેત્રે ચાલતી તમામ સુગર ફેક્ટરીના વહીવટકર્તા કારભારીઓ દ્વારા ખેડૂતના હિત માટેના પગલાં લેવામાં નહી આવે તો આવનારા સમયમાં કેટલીક સુગર ફેક્ટરીઓ ખાનગીકરણ થવાની શક્યતા રહેલી છે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ